પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૧ | ૨૩ જાન્યુઆરી, ૨૦૨૦, ગુરૂવાર; પોષ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નાગરિકતા કાયદા પર મનાઈ નહિ : સુપ્રીમ

**સુપ્રિમે તમામ ૧૪૪ અરજીઓ પર સુનાવણી : ૪ સપ્તાહમાં જવાબ આપવા સરકારને નોટીસ : કેન્દ્રની વાત સાંભળ્યા વગર આદેશ નહીં, : સુપ્રીમ કોર્ટ,દેશની તમામ હાઈકોર્ટ સીએએ સંલગ્ન મામલાઓની સુનાવણી ના કરે**




ન્યુ દિલ્હી,તા.૨૨
દેશમાં એક તરફ નાગરિકતા સંશોધિત કાયદો-સીએએની સામે ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે આજે સુપ્રિમ કોર્ટમાં આ કાયદા સામે થયેલી અંદાજે ૧૪૦ કરતા વધુ રીટ અરજીઓની સુનાવણી દરમ્યાન સીજે એસએ બોબડે, જસ્ટિસ એસ અબ્દુલ નઝીર અને જસ્ટિસ સંજીવ ખન્ના એમ ૩ જજોની બનેલી બેન્ચે કાયદાના અમલ પર મનાઈ હુક્મની માંગણી અંગે કહ્યું કે, આ મામલે કેન્દ્ર સરકારનો પક્ષ પણ સાંભળવામાં આવશે. બંને પક્ષને સાંભળી ન લઈએ ત્યાં સુધી કાયદા પર પ્રતિબંધ ન લગાવી શકીએ. તેના પગલે કેન્દ્ર સરકારને રાહત મળી હતી. કોર્ટે સરકારને ૪ સપ્તાહમાં રીટ અરજીઓનો જવાબ આપવા આદેશ આપવાની સાથે સરકારના જવાબ બાદ સમગ્ર કેસની સુનાવણી માટે સીજેના નેતૃત્વમાં પાંચ જજોની બંધારણીય બેંચ રચવાનો નિર્દેશ આપીને આ મુદે આસામ અને ત્રિપુરા માટે પણ સુનાવણી કરવાનો આદેશ આપ્યો હતો. તો દેશની વિવિધ હાઈકોર્ટમાં આ કાયદા સામે કોઈ રીટ થઈ હોય તો તેના પર હાલ કોઈ સુનાવણી નહીં કરવાનો આદેશ પણ સુપ્રિમ કોર્ટે આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## સાવલીના ધારાસભ્ય ઈનામદારના રાજીનામાથી ભાજપમાં ખળભળાટ

**મત વિસ્તારની જનતાના હિતના કાર્યો તેમની સરકારના શાસનમાં જ થતા નહી હોવાના લીધે રાજીનામું ધરી દીધુ**



ગાંધીનગર, તા. ૨૨
ભાજપમાં આંતરિક કલહ સપાટી પર આવ્યો છે. આજે વડોદરાની સાવલી વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારએ જનતાના હિતના કાર્યો તેમની સરકારના શાસનમાં જ થતા નહી હોવાના કારણે આખરે કંટાળીને આજે પોતાનું રાજીનામું આપી દેતાં ભાજપ સહિત સમગ્ર ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. કારણ કે, ગુજરાતના રાજકીય ઈતિહાસમાં સૌપ્રથમવાર સત્તામાં ભાજપ હોય અને તેનાથી જ નારાજ તેના જ ધારાસભ્યએ રાજીનામુ આપી દીધુ હોય તેવી આ પ્રથમ ઘટના નોંધાઈ છે, જેને લઈ ભાજપની છાવણીમાં પણ ભારે ચકચાર મચી ગઈ છે. બીજીબાજુ, સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામુ ધરી દેતાં વિપક્ષ કોંગ્રેસને ભાજપની નીતિ અને માનસિકતા પર પ્રહાર કરવાનો ફરી એકવાર મોકો મળી ગયો હતો. કોંગ્રેસના નેતાઓએ ઈનામદારના રાજીનામાને લઈ ભાજપ અને રૂપાણી સરકાર પર આકરા પ્રહારો પણ કર્યા હતા. વડોદરાની સાવલી વિધાનસભા બેઠના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારે તેમની ભાજપ સરકારના રાજમાં તેમના વિસ્તારના જ કામો નહી થતા હોવાના કારણે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી પર ઠીકરા ફોડી રાજીનામું આપી દીધું છે. કેતન ઈનામદારે વિધાનસભાના અધ્યક્ષને પોતાનું રાજીનામું મોકલી આપ્યું છે. ગુજરાતના ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે સત્તા પર ભાજપ બિરાજમાન હોય અને તેમના ધારાસભ્યએ આ પ્રકારે રાજીનામું આપ્યું હોય. અગાઉ કુંવરજી બાવળીયા જેવા કોંગ્રેસી નેતાઓએ વિપક્ષમાં હોય એટલે કામો ન થતા હોય અને રાજીનામું આપી પક્ષપલ્ટો

## ભાજપ મુદ્દાઓથી ભટકી રહ્યો છે : અખિલેશ

**સીએએ સાથે વિકાસના મુદ્દે વાતચીત કરવા માટે તૈયાર : ગૃહ પ્રધાન અમિત શાહે વિપક્ષને સીએએ, એનઆરસી પ્રશ્ને ચર્ચા કરવા પડકાર્યા બાદ હવે રાજકારણ શરૂ થયું**



નવીદિલ્હી, તા. ૨૨
કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે વિપક્ષને ઝછછ અને ગ્રઈઝ મુદ્દે ચર્ચા કરવા પડકાર્યા બાદ હવે આ મામલે રાજકારણ શરૂ થઈ ગયું છે. સમાજવાદી પાર્ટીના વડા અને ભૂતપૂર્વ સીએમ અખિલેશ યાદવે અમિત શાહના નિવેદન બાદ તેમનો પડકાર સ્વીકાર્યો છે અને તેમને ખુલ્લી મંચ ચર્ચા માટે આમંત્રણ આપ્યું છે. બધી ટિપ્પણીઓ જુઓ તમારી ટિપ્પણીઓ લખો અખિલેશે એમ પણ કહ્યું હતું કે ભાજપ મુદ્દાઓથી ધ્યાન હટાવવા માટે હિન્દુ-મુસ્લિમ મુદ્દાઓનો ઉપયોગ કરી રહ્યો છે. અખિલેશ યાદવ પહેલા કોંગ્રેસ પાર્ટીના નેતા કપિલ સિબ્બલે પણ અમિત શાહના પડકારને સ્વીકારી લીધો હતો અને શાહને ચર્ચા માટે સ્થાન પસંદ કરવાનું કહ્યું હતું. હકીકતમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે લખનૌમાં સીએએના સમર્થનમાં એક ર ૅલી દરમિયાન કહ્યું હતું કે હું ડંકાની ઈજા પર કહી રહ્યો છું કે

● અનુસંધાન પાન-૭ પર

## દીવ, દમણ અને દાદરા નગર હવેલીની રાજધાની બનશે દમણ

**હવે આ કેન્દ્ર શાસિત પ્રદેશમાં પણ લાગૂ થશે જીએસટી, જીએસટી કલેક્શન લક્ષ્યને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી વધાર્યું**




ન્યુ દિલ્હી,તા.૨૨
કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલીની રાજધાની દમણ હશે. આ નિર્ણય મોદી કેબિનેટની બુધવારે યોજાવેલી બેઠકમાં લેવામાં આવ્યો છે. થોડા સમય પહેલા બંન્ને કેન્દ્ર શાસિત પ્રદેશોને ભેગા કરીને એક પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. આ સિવાય મોદી કેબિનેટને પછાત જાતિ (ઓબીસી) આયોજના કાર્યકાળને ૬ મહિના માટે વધારી દીધો છે.

દમણ-દીવના વિલય બાદ હવે દેશમાં આઠ કેન્દ્ર શાસિત પ્રદેશ હશે. આ પહેલા જમ્મૂ-કાશ્મીર અને લદ્દાખની રચના બાદ દેશમાં કેન્દ્ર શાસિત પ્રદેશોની સંખ્યા ૯ થઈ ગઈ હતી. આ વિલય બાદ વધુ એક સંખ્યા ઘટીને આઠ થઈ જશે. મહત્વનું છે કે સરકારનું આ પગલું બંન્ને ક્ષેત્રના પ્રશાસનને સારો બનાવવાના મેનેજમેન્ટ હેઠળ લેવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે સરકારે જાન્યુઆરી અને ફેબ્રુઆરી માટે જીએસટી કલેક્શન લક્ષ્યને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી વધારી દીધું છે. ટેક્સ ડિપાર્ટમેન્ટને જાન્યુઆરી અને ફેબ્રુઆરી બન્ને મહિનાઓ માટે જીએસટી કલેક્શન લક્ષ્ય વધારીને ૧.૧૫ લાખ કરોડ રૂપિયા કરી દીધું છે. ત્યારે માર્ચ માટે આ ૧.૨૫ લાખ કરોડ રૂપિયા સુધી નક્કી કરવામાં આવ્યું હતું.

## ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ભારત ૧૦ સ્થાન સરક્યું

**ધ ઇકોનોમિસ્ટના રિપોર્ટમાં ભારતનો ક્રમ ૧૩ વર્ષના નીચલા સ્તરે : કાશ્મીર-સીએએ લીધે ડેમોક્રેસી ઇન્ડેક્સમાં ભારત ૧૦ સ્થાન નીચે સરક્યું, ૨૦૧૪માં સ્કોર ૭.૯૨ હતો જે ૨૦૧૯માં ૬.૯ થયો**




ન્યુ દિલ્હી,તા.૨૨
ભારત ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ૧૦ પોઈન્ટ નીચે પહોંચીને ૫૧મી પોઝિશન પર આવી ગયું છે. ૨૦૧૯માં ભારતનો ડેમોક્રેસી સ્કોર ૬.૯ રહ્યો જે ૧૩ વર્ષમાં સૌથી નિચલા સ્તરે છે. ધ ઈકોનોમિસ્ટે મંગળવારે ૧૬૫ દેશોની ડેમોક્રેસી લિસ્ટ જાહેર કરી. આ રિપોર્ટ પ્રમાણે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવવા તેમજ નાગરિકતા સંશોધન કાયદો લાગૂ કરવાના લીધે ભારતના ડેમોક્રેસી સ્કોરમાં પછડાટ આવી છે.

ધ ઈકોનોમિસ્ટે ૨૦૦૬માં ડેમોક્રેસી ઈન્ડેક્સ જાહેર કરવાનું શરૂ કર્યું હતું. ત્યારથી અત્યાર સુધી ૧૩ વર્ષમાં ભારતનો આ સૌથી ઓછો ડેમોક્રેસી સ્કોર છે. ૨૦૧૪માં સૌથી વધારે ૭.૯૨ હતો. ડેમોક્રેસી ઈન્ડેક્સ ચૂંટણી પ્રક્રિયા અને અનેકતાની સ્થિતિ, સરકારની કાર્યપ્રણાલી, રાજકીય ભાગીદારી, રાજકીય સંસ્કૃતિ અને સામાજિક સ્વતંત્રતા જેવા ૫ મુદ્દાઓના આધારે જાહેર કરવામાં આવે છે. રિપોર્ટ પ્રમાણે આ દરેક મુદ્દાઓના આધારે જોવામાં આવે તો ૨૦૧૯ ભારત માટે ભારે

● અનુસંધાન પાન-૭ પર

## ગગનયાન મિશન પહેલા ઈસરો બોલતો રોબોટ અવકાશમાં મોકલશે

**ગગનયાન લોંચ પૂર્વે ૨૦૨૨માં માનવરહિત મિશન પર જશે : ૨૦૨૧માં અંતરિક્ષમાં રોબોટ મોકલવામાં આવશે : હ્યૂમનોઇડ માનવોની જેમ જ વ્યવહાર કરવા પ્રયાસો કરશે : વૈજ્ઞાનિક દયાલ**



નવી દિલ્હી,તા.૨૨
ઈશરોએ બુધવારે માનવરહિત અંતરિક્ષ મિશન ગગનયાનમાં મોકલવામાં આવનાર હ્યૂમનોઇડ વ્યોમમિત્રાનો વીડિયો જાહેર કર્યો. ઈશરોના વૈજ્ઞાનિક સૈમ દયાલે કહ્યું કે હ્યૂમનોઈડ મનુષ્યોની જેમ જ વ્યવહાર કરવાનો પ્રયાસ કરશે અને આપણને પરત રિપોર્ટ કરશે. આ અમે એક પ્રયોગ તરીકે કરી રહ્યા છીએ. ૧૯૮૪માં રાકેશ શર્મા રશિયાના અંતરિક્ષ યાનમાં બેસીને અંતરિક્ષ ગયા હતા. આ વખતે ભારતના એસ્ટ્રોનોટ્સ ભારતના અંતરિક્ષ યાનમાં બેસીને સ્પેસમાં જશે. ઈશરો ચીફ સિવને કહ્યું ગગનયાનના અંતિમ મિશનથી પહેલા ડિસેમ્બર ૨૦૨૦ અને જુલાઈ ૨૦૨૧માં અંતરિક્ષમાં મનુષ્ય જેવા રોબોટ

● અનુસંધાન પાન-૭ પર

## રેલવે ટિકિટમાં દર મહિને કરોડોના કાંડનો પર્દાફાશ : સોફ્ટવેર ડેવલરપરની ધરપકડ

**આતંકવાદી ફંડિંગમાં નાણાં લગાવતા હતા : રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા રેકેટનો પર્દાફાશ**

નવી દિલ્હી,તા. ૨૨
રેલવે પ્રોટેક્શન ફોર્સે ટિકિટ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ સંબંધમાં સોફ્ટવેર ડેવલપરની ધરપકડ કરવામાં આવી છે. આ રેકેટના તાર પાકિસ્તાન, બાગ્લાદેશ અને દુબઈ સાથે જોડાયેલા હોવાની માહિતી હાથ લાગી છે. રેલવે ટિકિટમાં કોંભાડ મારફતે ઉભી કરવામાં આવતી રકમને ત્રાસવાદી ફંડિગમાં લગાવી દેવામાં આવતી હોવાનો પણ ખુલાસો થયો છે. રેલવે ટિકિટમાં કોંભાડ કરીને દર મહિને કરોડો રૂપિયાની કમાણી કરવામાં આવી રહી હતી. ત્રાસવાદી ફંડિંગમાં આ નાણાંનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની વિગત સપાટી પર આવી છે. આરપીએફ દ્વારા કહેવામાં આવ્યુ છે કે ઝારખંડમાં રહેનાર ગુલામ મુસ્તફાની ભુવનેશ્વર ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. તેને સોમવારના દિવસે જ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. કેટલીક નવી ચોંકાવનારી વિગત હજુ ખુલી શકે છે. હજુ સુધી આ નેટવર્કના સંબંધમાં ૨૭ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે.

મામલાની તપાસ આઈબી અને એનઆઈએને સોંપી દેવામાં આવી છે. આ રેકેટના ભાગરૂપે ૧.૪૮ મિનિટમાં જ ત્રણ ટિકિટ બુક કરતા હતા. સેંકડો આઈડી મારફતે રમત ચાલી રહી હતી. જેનાથી અંદાજ લગાવી શકાય છે કે આ રેકેટ મારફતે મિનિટોના ગાળામાં જ હજારો ટિકિટ પર હાથ સાફ કરવામાં આવતો હતો. સામાન્ય રીતે એક ટિકિટને મેનુવલી બુક કરવા માટે ૨.૫૫ મિનિટ લાગે છે. સ્પષ્ટ છે કે આ ગેંગના પરિણામ સ્વરૂપે જરૂરિયાતવાળા લોકોને ટિકિટ મળતી ન હતી. તેમને પરેશાન થવાની ફરજ પડી રહી હતી. હજુ ઉંડી તપાસ આ મામલે ચાલી રહી છે.

## મધ્યપ્રદેશમાં સારંગ તોપનું ભારત દ્વારા સફળ પરીક્ષણ

નવીદિલ્હી, તા.૨૨
દેશની સૌથી મોટી તોપ માનવામાં આવી રહેલી શારંગનું વધુ એક સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. માનવામાં આવી રહ્યું છે કે, આ તોપ ભારતને પીઓકેમાં કોઈપણ અભિયાનને ચલાવવામાં રણનીતિકરુપથી ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. આ તોપ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં પ્રવેશ્યા વગર જ લગભગ ૪૦થી ૫૦ કિલોમીટર સુધી પ્રહાર કરવામાં સક્ષમ છે.

આર્ડનેંસ ફેક્ટરી કાનપુર દ્વારા બનાવવામાં આવેલી ૧૫૫ એમએમની શારંગ તોપનું મધ્યપ્રદેશના જબલપુર સ્થિત ખમરિયા રેંજમાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભારત પહેલા જ કે૯ વજ-ટી, ધનુષ અને અમેરિકા દ્વારા નિર્માણ થયેલી એમ-૭૭૭ તોપનો સોનામાં સામેલ કરી ચુક્યું છે. ભગવાન વિષ્ણુના ધનુષ શારંગના નામ પર આ તોપનું નામ શારંગ રાખવામાં આવ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225